જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૧/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૬ લીટર દેશી દારૂ, ૯૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૮૩૮/૨૦૨૩

**સાયબર ક્રાઈમઃ** હસમુખ રતીલાલ મહેતા (ઉ.વ.૭૫) (રહે. યશસ્વી એલીગન્સ વિજય ચાર રસ્તા નવરંગપુરા) એ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે હસમુખ મહેતા અને તેમની પત્નિના મોબાઇલ નંબર ઉપર મોબાઇલ નંબર ૯૩૮૨૧૯૯૮૯૩, ૮૮૬૭૯૭૪૮૫૦ ના ધારકે ફોન કરી તેમજ વોટસએપ વિડીઓ કોલ કરી આઇ.સી.આઇ.સી.આઇ.બેંકના મેનેઝર વાત કરતા હોવાની ખોટી ઓળખ આપી હસમુખ મહેતાના બેન્ક ખાતાનુ કે.વાય.સી.અપડેટ કરવાનુ જણાવી હસમુખ મહેતા પાસેથી વોટસએપ વિડીઓ કોલમાં સ્કીન શેરીંગ બટન દબાવવા જણાવી ઓનલાઈન પ્રોસેસ કરી બેંકના ખાતાની સ્કીનશેરીંગ મારફતે મેળવી લઇ જુદા-જુદા ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૬,૬૩,૦૩૨/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ- સમાચાર યાદી નં.૧૮૩૯/૨૦૨૩

**સરદારનગરઃ** ભરતભાઇ દાનાભાઇ ચૌહાણ (ઉ.વ.૩૮)(રહે,ભગતવતીનગર સોસાયટી, પ્રેમ પ્રકાશ આશ્રમ સામે, નોબલનગર, સરદારનગર) તા.૨૬/૧૦/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે સ્વરાજ મઝદા કંપની સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાઇકલ ઉપર આવેલ એક પુરૂષ ભરતભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૬,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભરતભાઇ ચૌહાણ એ તા.૦૮/૧૧/૨૦૨૩ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.દેસાણી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૪૦/૨૦૨૩</u>**

**રાણીપઃ** સાવન સ/ઓ રજનીકાંત ત્રીવેદી (ઉ.વ.૩૯)(રહે.તરૂણ એપાર્ટમેન્ટ રામકોરબા સોસાયટી પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૦૨૩ સાંજના ૫/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખુમાનસિંહ હિમ્મતસિંહ ચલાવે છે.

**રામોલઃ** સતારખાન અબ્બાસખાન પઠાણ (ઉ.વ.૩૩)(રહે,સુરતી સોસાયટી રામોલ રોડ રામોલ) તા.૦૭/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે રામોલ ન્યુ મણીનગર ગાર્ડન ખાતે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૧૧/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી